# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૦ • તા.૦૫ નવેમ્બર થી ૧૧ નવેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો






# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આપણો મોક્ષ માર્ગ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીના અચાનક કાળધર્મથી આપણે વિરાટમૂર્તિ ખોઈ છે એવી સૌની લાગણી છે. ભવાટવિમાં આપણે સૌ બે સહારા-નોધારા થઈ ગયા છીએ. એવો ભાવ અનુભવીએ છીએ. પૂજ્યશ્રીના નિરંતર આશીષ વર્ષા, માર્ગદર્શનની ખોટ કેમ એ પૂરી નહીં કરી શકાય.

આપણા સાધુ-સાધ્વી ભગવંતો આત્મ કલ્યાણ કાજે સંયમ માર્ગ સ્વીકારી માનવ જન્મને ઉજવળ કરે છે સાથો સાથ અન્યોને ધર્મ માર્ગે ચાલવા, માટે પ્રેરિત કરે છે. સતત તપ, ધર્મ આરાધનાથી કષ્ટ ભોગવીને પણ પોતાની કેડીથી વિચલિત થતા નથી. આ મારગ પર ચાલવું સંસારમાં લિપ્ત માનવ જીવન માટે સરળ નથી.

સંસારી જીવ મોહ-માયા, લોભ-તૃષ્ણા, ઈર્ષા, કામ-ઈચ્છાથી પર રહીને પણ પોતાનો અવતાર ઉજાળી શકે છે. માત્ર આપણા સુખને જોવું એ કેવળ સ્વાર્થ છે. આપણી સાથે સંકળાયેલા, આપણા પરિચીત, પડોશી, સગા સ્વજનોનું હિત ઈચ્છીએ, તેઓ સુખી થાય એવી ભાવના સાથે તેઓના કષ્ટ હરીએ એ પણ કલ્યાણ ભાવ છે.

જીવન અને ધર્મ જુદા નથી. એક સિક્કાની બે બાજુ છે. ધર્મ જાળવવાનો અર્થ તમે શું કરો છો તે નહીં પણ તમે કેવા છો તેનું મહત્વ છે. તમારી પાસે શું છે તેનું નહીં. પણ તમે બીજાઓ માટે કેટ કેટલો ત્યાગ કર્યો છે તેનું અધિક મહત્વ છે. સંસારમાં જીવતા માનવીના જીવનમાં અહિંસા, દયા કરૂણા, પ્રામાણિકતા અને નીતિમતા હોય એ પણ ધર્મ છે. આપણા આચાર, વિચાર, વર્તન પ્રભાવથી કોઈને પરેશાની થાય, દુઃખ થાય તેની કાળજી રાખીએ તો એ પણ ધર્મ છે.

જૈન ધર્મમાં મન, વચન અને કાયાથી પ્રાણી માત્રને દુઃખ ન પહોંચે એવી ભાવના વ્યક્ત કરાઈ છે. આવું જાણીએ, સમજીએ છતાં આવું કંઈ કરીએ તો દોષ-પાપ ઘેરો બને છે.

આજે માનવ ઉપયોગી સેવા કરાય એ પરમ ધર્મ છે. અબોલ જીવો પ્રત્યે દયા, કરૂણા, આપદગ્રસ્ત માનવો, જ્ઞાતિબાંધવોની પ્રત્યે મદદ ભાવ એ આજના ધર્મની ક્રિયાઓ છે. આ ધર્મ આચરણ છે. એને જ ખરી રીતે જોઈએ તો જાળવવું જોઈએ. પ્રચલિત કરવું જોઈએ. તો જ સમભાવની સાર્થકતા થાય. મૂંઝાયેલા માનવીને રાહત આપવી મઝધારમાં સપડાયેલા માનવીને હેમખેમ તટે લાવીએ એ ખરો માનવીય ધર્મ છે, એ જ આપણા માટે મોક્ષ માર્ગ છે.

જય જ્ઞાતિમૈયા

# હાર કરતાં હારી જવાનો ડર વધુ મુશ્કેલી સર્જે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ભય એ માનવી માત્રનો સૌથી મોટો દુશ્મન છે. જીવનમાં ભય હોય તો ભવિષ્યની ચિંતા આપે છે. આવનારો સમય કેવો હશે તેની કોઈને કલ્પના નથી હોતી. ભય માનવીને હતોત્સાહ કરે છે, ના હિંમત કરે છે. એટલે હિંમત હારનાર વ્યક્તિ અડધી બાજી આપોઆપ અન્યને હવાલે કરી દે છે. જે મુસીબતનો અડગતાથી સામનો કરે છે તે હારી જવાં છતાં અજિત છે, અડગ અડીખમ છે. સાહસને વરનાર શૂરવીર, હિંમતવાનને ભડવીર છે. ભય માણસને અશક્ત નાહિમત અને નમાલો બનાવે છે. આ હતોત્સાહ થયેલ વ્યક્તિ પોતાની કાબેલિયત પૂર્ણપણે બતાવી શકે તો નથી.

યુધ્ધ એ અસ્ત્ર, શસ્ત્રના બળે જિતાય છે એ ખરું છે પણ એમાં મન, બુધ્ધિ, મનોબળ, દાવપેચના આટાપાટા તથા ચતુરાઈ ભર્યું વ્યૂહ પણ મોટો ભાગ ભજવે છે. સાહસ વિના સિધ્ધિ મળતી નથી અને સાહસ એ દાખવી શકે છે જે હિંમત હારી નથી. સફળતાના શિખરે બિરાજીત થવા દ્રઢ નિર્ધાર અને અદમ્ય સાહસ હોવું જરૂરી છે. જીવનમાં ડગલેને પગલે, પળે પળે મુશ્કેલીઓ આવવાની છે અને મુસીબતોનો સામનો કરવા સંઘર્ષ અનિવાર્ય છે. હારના ડરથી ભયભીત થઈ જનાર વ્યક્તિ મુકાબલો કરવાનું સામર્થ્ય ગુમાવી દે છે. હારની આશંકાથી ઘેરાઈ તે પોતાનું કૌવત પણ ગુમાવી બેસે છે અને આમ હરીફ સામે સબળો, સશક્ત હોવા છતાં નબળો પૂરવાર થાય છે.

હાર જીત નસીબની વાત છે. હાર મળે તો હતાશા ઘેરી ન વળે એ વાતે સભાનતા રાખવી જરૂરી છે. હારનો હાઉ હિંમત ન ભાંગી ન નાંખે એ જોવું જોઈએ. સકારાત્મકતા રાખી હારમાંથી બોધપાઠ ગ્રહણ કરીએ તો જરૂર એમાંથી આગામી જીતનો પાયો નાંખી શકાય છે. બાકી હારી જઈશું ના ભય હેઠળ જંગના મેદાનમાં ન ઉતરનાર પોતાના કાર્યકુશળતાને કૌશલની પરખ કરી શકતો નથી અને પારોઠના પગલાં લઈ જીતના લક્ષ્યને પણ ગુમાવી દે છે. શાણો વ્યક્તિ એ છે જે મોટી છલાંગ લગાવવા માટે થોડા ડગલાં પાછળ હટે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો





યુવિકા કોન્કલવના પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં સૌનું સ્વાગત ડિમ્પલ નાગડા એ કર્યું હતું.

બિરાજમાન પ.પુ.ગુરૂભગવંતને કોટી કોટી વંદન કરી સૌની શાતા પુછીને પ્રોગ્રામની શરૂઆત ગુરૂવંદનાથી કરી હતી.



પશ્ચિમ એકમ દ્વારા આયોજીત યુવિકા કોનક્લેવ પ્રોગ્રામના ચાર દિવસ જોત-જોતામાં પસાર થઈ ગયા. સમય ક્યાં જતો રહ્યો તેની ખબર જ ના પડી.

કાર્યક્રમની શુભ શરૂઆત પ.પુ.મ.સા. મુક્તિરત્નશ્રીજીની નિશ્રામાં અને તેમના આશીર્વાદ સાથે થઈ. તેમજ પ.પૂ.મ.સા. સંસ્કારનિધિશ્રીજીના વાકચાતુર્યથી સંસ્કારના બીજ આપણા સૌના હૃદયમાં વસી ગયા.

આ પ્રોગ્રામના અંતર્ગત ઘણા મહાનુભવોએ એમનો કિંમતી સમય આપી જ્ઞાન અને તેમના અનુભવો આપણી સમક્ષ રજુ કર્યા હતા. ફરી એકવાર મહાનુભવોને યાદ કરાયા હતા.



# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ





૧) નિર્મલભાઈ પારેખે આપણને નવ તત્વ અને કર્મની ગતી મનુષ્યના જીવનમાં કેવી રીતે અસરકારક બને છે તેની સમજ આપી હતી અને વડોદરા શહેરના ૧ યુવા આયકોન સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશીથભાઈ દંડએ મેન્ટલ સ્ટ્રેસ દૂર કરવાની સરસ મજાની ફોરમુલા આપી. CA/MA = MS

કચ્છ રત્ન શ્રી તરૂણભાઈએ કચ્છી ભાષામાં સમજાવ્યું કે ‘જેમા માનો છો, તેવું જ જીવન જીવો.’

રાજુભાઈ મણીયાર આપણને How to be Happy એટલે કે ખુશ કેમ રહેવું તેની સમજ આપી.

દિપ્તીબેન એ યોગ અને મુદ્રાથી સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવા અને Sedentary lifestyle માં હેલ્ધી રહેવાની ચાવી આપી. જ્યોતીબેન મારૂએ લાઈફમાં રાઈટ ચોઈસ કેવી રીતે કરવી અને મનોબળ કેમ પાકું રાખવું એમ જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું. ડીમ્પલબેન નાગડાએ જીવન જીવવા માટે ડિસીપ્લેનના ૩ ફંડા Perspective, Action & Will સમજાવ્યા જેનાથી જીવનની કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં જીત હાસીલ કરી શકાય.







# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ





મહારાજ સાહેબશ્રી એ જ્ઞાન સાથે ગમ્મતમાં કે બીજી એટલે કે કૌન બનેગા જ્ઞાનપતિની રમત રમાડી અને ધર્મ ખૂબ સરસ રીતે સમજાવ્યો. આમાં જરૂરી વાત એ હતી કે જીતવું જરૂરી નથી પણ હાર સ્વીકારવી અને ખેલદિલી દાખવવી એ સાથે સતત જ્ઞાન મેળવતા રહેવું, તેની શીખ આપી.



યુવિકાઓમાં કેરિયરના ગાઈડન્સ માટે આપણા ડીએસપી પન્નાબેન મોમાયાએ ગર્વમેન્ટ સર્વિસ માટે કરવી પડતી તૈયારીઓ અને તેનાથી મળતા ફાયદા તેમજ ધર્મની અગત્યતા અને ધર્મનું જ્ઞાન પણ બાળકોમાં અસરકારક રીતે સમજાવ્યું હતું. ભૂમી લોડાયાએ પણ કેરિયરના નવા ફિલ્ડ એટલે કે હેરિટેઝ મેનેજમેન્ટમાં નિપુણતા મેળવી અને કચ્છ અને કચ્છના હેરિટેઝ વિષે માહિતીગાર કાર્ય અને આ કેરિયરમાં કેટલો લાભ છે તે સમજાવ્યું.

બુધવાર હોવાથી મહાઆરતી કરી વિમલનાથ ભગવાનની આરતી ઉતારી બધા યુવિકાઓને તેનો લાભ આપવામાં આવ્યો હતો. રાજીવભાઈ એ અભિગમની સમજ આપી હતી. મ.સા.એ ૧ મિનિટ ગેમ રમાડી યુવિકાઓને જ્ઞાનની સાથે મનોરંજન પ્રદાન કરવામાં આવ્યું હતું.



# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ




મૈત્રીબેન દંડને માણસોને જોડતી એવી 'ભાષા' linguistics વિશે જાગૃત કર્યા હતા. એમને ૧૧ ભાષાઓનું અગત્ય જ્ઞાન અને એનાથી મળતા લાભ સમજાવ્યા યોગાચાર્ય.

દુષ્ટાંતભાઈ મોદીએ શરીરના વિવિધ અંગોના ઉપયોગી કરી. રોગ પ્રતિકારક શક્તિ કેમ વધારાય અને તંદુરસ્ત કેમ જીવી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું.

નીરજબાઈ જૈનએ cyber safety for girls અને સાવધાનીથી internet ના માધ્યમો વાપરવાની સલાહ આપી હતી.

Validitry Functions ના Keynote speaker Dr. Manoj Desai જેઓ રોટરી international ના president representative છે તેમણે સંબોધન આપ્યું હતું.

આ ચાર દિવસ દરમ્યાન યુવિકાઓએ રોજ પ્રતિક્રમણ, રાય પ્રતિક્રમણ, દેવ-દર્શન, ગુરૂ વંદન, સંધ્યા આરતી, પ્રભુ ભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આસ્વાદ માણ્યો. તેઓ કાર્યક્રમ દરમ્યાન આભાર વિધિ, આવકાર વિધિ અને જીંદગીના અમુલ્ય મોરલ values જાત ઉદાહરણથી શીખ્યા.

યુવિકાઓઓને મજા આવી ગઈ હતી.

યુવિકા કોન્કલના આયોજક શ્રી પશ્ચિમ એકમના પ્રમુખ શ્રી કમલેશભાઈ દંડને સૌને આવકારવા નિમંત્રણ આપ્યું હતું.

Thank you Kamleshbhai for your kind efforts & wise words.






# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્ક્લવ કાર્યક્રમ





આ યુવિકા કોન્ક્લવ શક્ય ના થઈ હોત જો દાતાશ્રીઓના સહકાર ન મળ્યા હોત એવું કહી દાતાશ્રીઓનું બહુમાન કરાયું હતું.

યુવિકા કોન્ક્લવની આયોજનમાં સૌથી વધારે એટલે કે સિંહફાળો વડોદરા મહાજનનો હતો તેમણે આપણને મહાજનની જગ્યા, દેરાસર, ફંડ અને તન, મન, ધનથી સહાય આપી છે.

બરોડા મહાજનના પ્રમુખ શ્રી હિતેન્દ્રભાઈનું બહુમાન પશ્ચિમ એકમના કમીટી મેમ્બર્સોએ કર્યું હતું.

યુવિકા કોન્ક્લવની સફળતા માટે તન તોડ મહેનત કરનાર ભાઈઓ બહેનોને યાદ કરાયા હતા. તેઓએ આપેલી સેવા માટે અનુમોદના કરાઈ હતી. એક એકને હાજર કરી પશ્ચિમ એકમ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

એવી જ રીતે સાંસ્કૃતિક કાર્યક્રમમાંથી લોકોનું મનોરંજન કરવા અને પોતાની પ્રતિભા બતાવી બધાનું મન લોભાવી લીધું તેઓનું બહુમાન કરીએ.

સ્વાગત ગીતમાં નૃત્ય કરનારી સિધ્ધી નાગડા, ધ્રુવી દંડ, મુક્તિ દંડ, ઝરણા નાગડા, ડિમ્પલ નાગડા આ પાંચ યુવિકાઓ હતી.

બાળ નાટકનાં ભાગીદાર વંશ લોડાયા, જીનય મોમાયા, ભવ્ય નાગડા, જૈનીશ લાલકા, માહીર પનપારીયા, ધૈર્ય નાગડા હતા.

આ યુવિકા કોન્ક્લવનું હૃદય એવી યુવિકાઓ જેમણે પોતાનું ઘર છોડી ભવિષ્યમાં અને પોતાની જીંદગીમાં ઉપયોગી થાય તે માટે આ કોનક્લેવમાં ભાગ લીધો હતો.



# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્કલવ કાર્યક્રમ










**Participate List**

Arya Mehul Dand
Chandni Nitin Lodaya
Davanshi Rajesh Dhulla
Dhruvangi Mota
Dhruvi Arinash Dand
Dimple Kamlesh Nagda
Heer
Hemangi Vipul Khona
Hetvi Rohit Dand
Ishita Vipesh Panpariya
Jiya Himanshu Maheshwari
Kavya Rahul Dand
Mukti Sachin Dand
Neha Rishabh Panpariya
Niharika Amit Lodaya
Prisha Keyur Lodaya
Priya Satish Nagda
Rajvi Dhiren Dand
Siddhi Jigar Nagda
Sikha Dand
Urvi Pavan Nagda
Viddhi Vipesh Panpariya
Vini Prashant Khona
Vinal Rohan Mota
Vrusha Hiren Lalka
Yashshri Udani
Yesha Dand
Zarna Anil Nagda

**Dance**

Siddhi Jigar Nagda
Zarna Anil Nagda
Dhruvi Avinash Dand
Mukti Sachin Dand
Dimple Kamlesh Nagda

**Drems**

Jainish Litesh Lalka
Dhairya Vardhman Nagda
Bhavya Chandresh Nagda
Mohit Rishabh Panpariya
Vansh Chirag Lodaya

**Volunteer**

Rishabh Panpariya
Tarunbhai Nagda
Jigar Nagda
Hetal Maisheri
Neha Panpariya

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નીશીથભાઈ દંડને તેમનું યુવિકા કોન્કલવ વિશે પ્રતિભાવ જણાવવા આગળ આવવા માટે વિનંતી કરી હતી.

અંતમાં સેક્રેટરી મુકેશભાઈ માણેકજી લોડાયાએ પશ્ચિમ એકમના આ યુવિકા કોન્કલવની આભારવિધિ કરી હતી અને

# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્ક્લવ કાર્યક્રમ






જણાયું હતું કે શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમની સ્થાપના ૧૯૮૨માં અમદાવાદ મુકામે થઈ, જેમાં પ્રથમ પ્રમુખ તરીકે વડોદરાની શ્રી કાંતીલાલ મુરજી શિયાડ તથા કન્વીનર તરીકે શ્રી માણેકજી ખીમજી લોડાયા-વડોદરાની નિમણુંક થતા તેમણે એકમની છૂટા સંભાળી.

એકમને બીજા પ્રમુખ તરીકે વડોદરા મહાજનની સંઘ રત્ન શ્રી રાજેશ કાંતીલાલ મોતા (ટીકીટાર) તથા સેક્રેટરી શ્રી રતિલાલ કાનજી ધૂલ્લાની નિમણુંક થઈ અને બધા જ એકમ માટે આબાંદ મુકામે 'યુવા મિલન' પ્રોગ્રામ આપી. એકમની પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવ્યો. એકમને ત્રીજા પ્રમુખ તરીકે રાજકોટના શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા તથા સેક્રટરી તરીકે શ્રી મુકેશ માણેકજી લોડાયા (વડોદરા)ની નિમણુંક થઈ. તેમના નેજા હેઠળ ૨૦૦૭માં કેક્ષલનપૂર-વડોદરા ખાતે ૧૫૦ યુવક-યુવતી (ગુજરાત-મુંબઈ) માટે યુવા-મિલન તથા ૨૦૧૦માં ચોટીલા મુકામે ૪૦૦ યુવક-યુવતી માટે 'યુવા-ટેલેન્ટ-૨૦૧૦' સફળતાપૂર્વક આયોજન કરેલ તથા ૨૦૦૯-૨૦૧૪ અને ૨૦૧૬માં વાપી-જામનગર-સેવક ભરૂડીયા ખાતે મહાસંમેલનો યોજાયા તથા એકમની પ૩થમ જનરલ મીટીંગ અને ૨૦૧૩ સુધીના દરેક વર્ષના ઓડિટેડ હિસાબ કિતાબની શરૂઆત કરી જે આજ સુધી ચાલ્યું ત્યારબાદ ૨૦૧૯માં એકમના પ્રમુખ પદે જામનગરના શ્રી તિલકચંદભાઈ જે. ખોના અને સેક્રેટરી પદે મુકેશ માણેકજી લોડાયા (વડોદરા)ની વરણી થઈ. પણ મહાભયંકર કોરોનાની બીમારીમાં એકમના પ્રમુખ શ્રી તિલકચંદભાઈ જે. ખોનાનું દુ:ખદ નિધન થતા ૨૦૨૧માં એકમના પ્રમુખ પદની જવાબદારી અંકલેશ્વરના શ્રી કમલેશ માણેકજી દંડ તથા સેક્રેટરી પદે વડોદરાના શ્રી મુકેશ માણેકજી લોડાયાને જવાબદારી સોપવામાં આવી.

૨૦૨૨ નવેમ્બરમાં શ્રી કમલેશભાઈ દંડના નેજા હેઠળ યુવિકા કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું.

તા.૪-૧૧-૨૦૨૨ના સૌ પ્રથમ પરમ ઉપકાર દેવાધિદેવ વિમલનાથ દાદાની છત્રછાયામાં અચલગચ્છાધિપતિ પ.પૂ. સા.શ્રી ગુણ-ગુણોદયસાગરસૂરિજી નમો નમ:ના દિવ્ય આશિષ, વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના અવિરત પણો મળતા શુભ આશિષ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાના પૂણ્ય બળે ચાતુમા૪સ બિરાજમાન પ.પૂ.સા.યશોદયશ્રીજી મ.સા.,ના શિષ્યા પૂ.સા.શ્રી મુક્તિરત્નાશ્રી ૩ તથા પૂ.સા.સંસ્કાર નિધિ મ.સા.ની પાવનકારક તથા ક્રાંતીકારક નિશ્રા તથા મંગલ મયી માર્ગદર્શન થઈ. શ્રી ક.દ.ઓ.જૈ.પ.એકમ આયોજીત યુવિકા કોન્ક્લેવ સફળતાપૂર્વક પૂર્ણાહૂતિની આરે પહોચ્યું છે તેના શ્રી સાધ્વી ભગવંતોને શાતા અને ઘણા અભિનંદન સહ એમને આભાર માનવામાં આરે છે.

ત્યારબાદ આપણા ગુજરાતમાં સદાય અગ્રક્રમે રહેનાર તથા દશાઈ પરંપરાને સતત જાગૃત રાખનાર અને ભારતભરમાં

# શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ દ્વારા યોજાયેલ યુવિકા કોન્ક્લવ કાર્યક્રમ

કોઈપણ ધાર્મિક/સામાજીક/સાંસ્કૃતિક પ્રોગ્રામમાં બન્ને ખભા મિલાવી એકમની દરેક પ્રવૃત્તિઓને મજબૂતી પ્રદાન કરનાર શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાનો આભાર વ્યક્ત કરૂ છું.

જેમણે માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા કેડીઓ જીવન તથા ઉપાશ્રય વિનામુલ્યે યુવિકા કોન્ક્લવ માટે આપ્યું છે. પ્રમુખશ્રી હિરેન્દ્ર કાંતિલાલ મોતાએ જણાવ્યું કે જૈન ધર્મને લગતા દરેક પ્રોગ્રામ માટે જ આપણે વડોદરા ખેલનું નિર્માણ કરેલ છે તથા શ્રી નિશીથભાઈ દંડ જણાવ્યું કે વડોદરા સમાજ તન-મન-ધનથી એકમના આ કાર્યક્રને વધાવી લે છે અને ખરેખર યુવિકા પ્રોગ્રામની સફળતા પાછળ વડોદરા સમાજની આ તાકાત પાછળ વડોદરા સમાજના કારોબારી સભ્યો-મહિલા મંડળ તથા યુવા મંચની મહેનત રંગ લાવી છે. ફરીથી આ તમામનો આભાર વ્યક્ત કરીએ છીએ.

દરેક પ્રોગ્રામમાં કાર્યકર્તા તથા વ્યવસ્થાપકોને મજબૂત મનોબળ દાતાશ્રીના ઉદારભાવે મળેલા સાથ વગર શક્ય નથી.

(દાતા પરિવારનું લિસ્ટ સામેલ છે.)

આ કોન્ક્લવને ચાર ચાંદ લગાવનાર અતિથિ વિશેષ

● કચ્છ રત્ન શ્રી તરૂણભાઈ શિવજી લોડાયા ● સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈએ દંડ જેઓ વડોદરા મહાજનના પ્રથમ 'યુવા સાઈકોન'ની પદની પણ મેળવી ચૂક્યા છે.

અંતમાં ● વક્તા શ્રી નિર્મલભાઈ પારેખ ● મેનેજમેન્ટ ગુરૂ શ્રી રાજુભાઈ મણીયાર ● સાંસ્કૃતિસક નગરી વડોદરાને રક્ષણ પુરૂ પાડતા ● ડૉ.એસ.પી.પન્નાબેન મોમાયા ● યોગા ટીચર ● આધ્યાત્મિક ગુરૂ ● નામી-અનામી દરેક કાર્યકર્તાઓ ● સ્વાદિષ્ટ ભોજન વ્યવસ્થા માટે વિનોદભાઈ મહારાજ ● વડોદરા સમાજનો સ્ટાફ તથા પશ્ચિમ એકમના દરેક કારોબારી સભ્યો અમદાવાદ, સુરત, રાજકોટ, હાલોલ, આણંદ, જામનગર, મુંબઈ વિવિધ સ્થળો એથી પધારેલ મહાનુભાવોના અમે કાયમી આભારી રહીશું. ● વડોદરા શાઈનિંગ સ્ટાર પાઠશાળાના ભૂલકાઓ તથા સ્વાગત ગીત પ્રસ્તુત કરનાર અને ગેસ્ટ તરીકે ફરજ બજાવનાર વડોદરાની યુવિકાઓનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. ● વડોદરા સંઘ શિરોમણી શ્રી ઠાકરશી પદમશી પનાપરીયા પરિવાર તરફથી દરેક યુવિકાને ગીફ્ટ કવર આપવા બદલ માતુશ્રી રેવંતીબેન ઠાકરશી પાનપરીયા પરિવારના અમે આભારી છીએ. અંતમાં આ યુવિકા પ્રોગ્રામમાં ભાગ લેનાર 'યુવિકા'ઓ જેમનો પોતાના જીવનમાં કાઈક નામના માટે એકમ પર ભરોસો મુકવો અને વડોદરા યુવિકા કોન્ક્લવમાં હાજરી આપી. તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. યુવિકાઓની વિવિધ ક્ષેત્રની કેરીયર માર્ગદર્શન માટે આપણા સમાજની વિવિધ ક્ષેત્રની સફળ સ્ત્રીએની વીડીયો કેલીપીગ બતાવી પ્રોત્સાહિત કર્યો હતો.

Dr Usha Meisheri-Gynaecologist • Dr Desma Dand-Dentist • Minaxiben-HR • Divyaben-CS • Dr. Jalpa-Agriculture • Chef Anjali • Narata ias • Minal Khona-Lawer • Rajul Cheda-Cubic • Ekta Jain-Influancer • Veenaben Vikamasi-Industrialist • Vidhi from Canada • Cyber safe Yuvika by Lawer and Activist Niraj Jain

યુવિકા કોન્ક્લવના સંકલન કર્તા શ્રી ચંદ્રેશ નાગડા, શ્રી રાજેશ ધરમશી, શ્રી નરેન્દ્ર મોમાયા, સેક્રેટરી શ્રી મુકેશ લોડાયા, ખજાનચી શ્રી ભાવેશભાઈ, ટ્રસ્ટી શ્રી તેજકુમાર જૈન, કમીટી મેમ્બર ડવેશ દંડ, અંકિત ખોના, પરેશ શાહ અને સુરતથી શરદભાઈ દંડ તેમજ કે.ડી.ઓ.સમાજનું સહકાર હતો માટે જ આ કે.ડી.ઓ. દ્વારા કે.ડી.ઓ. માટે યુવિકા કોન્ક્લવ પહેલીવાર સફળ રીતે પાર પડ્યું તે બદલ સહનો દિલથી આભાર.







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નૂતન વર્ષાભિનંદનની ઉજવણી



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન, શ્રી સરસ્વતી સન્માન સહ વિશિષ્ટ સમ્માન સમારોહનું આયોજન રવિવાર, તા.૩૦-૧૦-૨૦૨૨ સવારે ૧૦ કલાકે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર, સ્થિત વિવિધલક્ષી હાલમાં રાખવામાં આવેલ. આ સમારોહના અતિથિ દ્રવ્ય શ્રી મનહર ચત્રભુજભાઈ શાહ, શ્રી રાયચંદ લખમશીભાઈ લોડાયા હતા સાથે મંચ પર મહાજન પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, યુવા મંડળના પ્રમુખ શ્રી વિરલ રાજેશભાઈ લોડાયા, ઉપપ્રમુખ શ્રી ભુપેન્દ્ર ગોવિંદજી મોમાયા, માનદમંત્રી શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા, કોષાધ્યક્ષ શ્રી હરીશ શિવજી લોડાયા, શ્રી કુંથુનાથ મહિલા મંડલના સચિવ સૌ. ડિમ્પલ જયેશભાઈ શાહ (નાગડા) અને વિશેષરૂપથી શ્રી ક.દ.ઓ.જખૌ મહાજનના માનદમંત્રી શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી (મુંબઈ) અને શ્રી ક.દ.ઓ.જૈન મહાજન અહમદાબાદના પ્રમુખ શ્રી જીતુભાઈ ખોના હાજીર હતા સાથે રાયપુર મહાજનના પદાધિકારી પણ








# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નૂતન વર્ષની ઉજવણી









મંચ પર હાજીર હતા. સર્વ પ્રથમ શ્રી મંગલાચરણ (નવકાર મહામંત્ર), દીપ પ્રજવલન, શ્રી કુંથુનાથ પ્રભુજી, શ્રી મહાકાલી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથાની ફોટો પર માલ્યાપર્ણ. કુ. તાશી અમિત મૈશેરી દ્વાર અતિ સુંદર શ્રી સરસ્વતી વંદનાની સંગીતમય નૃત્ય સાથે પ્રસ્તુત કરેલ. અતિથિઓ દ્વારા દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન સાતે









# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નૂતન વર્ષની ઉજવણી






પ્રેરક ઉદ્‌બોધન સંદેશ અને શુભકામના આપેલ વિશિષ્ટ સન્માન સમારોહ મા.શ્રી વાલજી ખેતશી જીવાણી (જખૌ), શ્રી ઉમરસી દેવજી મૈશેરી (નાની સિંધોડી), શ્રી સૂર્યકાંત લખમશી મૈશેરી (નાની સિંધોડી), શ્રી વિજય શીવજી લોડાયા (મોટી સિંધોડી)નું સન્માન કરવામાં આવેલ. સૌ.ગીતાબેન હરીશ શાહ મેડિકલ સહાય યોજનાના લાભાર્થી પરિવારનું






# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નૂતન વર્ષની ઉજવણી









સન્માન સમારોહ રાખવામાં આવેલ. તત્પશ્ચાત વર્ષ ૨૦૨૧-૨૨ના પાસ થયેલ સફળ વિદ્યાર્થીઓનું શ્રી સરસ્વતી સન્માન સમારોહમાં પુરસ્કાર આપવામાં આવેલ ચિ.ઐશ્વર્યા કુલીન વિકમશી (BDS), ચિ.કુનાલ સંજય છેડા (ભાટાપારા) Architecture, ડૉ.શ્રીમતી પ્રતિભા જૈનનું વિશેષ સન્માન કરવામાં આવેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નૂતન વર્ષની ઉજવણી









સમસ્ત સમારોહનું સુંદર સંચાલન સૌ.વીણા સચિન મોમાયા, સૌ.સુનયના અમિત મૈશેરી દ્વારા કરવામાં આવેલ. અંતમાં શ્રી હિતેશ શરદ મોમાયાએ આભાર પ્રદર્શન, સ્નેહભોજન માટે સર્વેને આમંત્રણ આપેલ. મંચ પર ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, માનદ્‌મંત્રી શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા, કોષાધ્યક્ષ શ્રી હરીશ શીવજી લોડાયા ઉપસ્થિત હતા.









# કેડીઓ સંજીવની યોજનામાં ડાયમંડ પેટ્રોન દાતાની અઢળક અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત,
પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો
એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યો ની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નો થી જ
વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્ય ને સાર્થક કરતા**
**જ્ઞાતિના મહાનુભાવ...**

# એક સદ્‌ગૃહસ્થ

**સંજીવની ડાયમંડ પેટ્રોન** **Rs. 1,00,000**

દાનનો મહિમા હિંદુધર્મ સંસ્કૃતિમાં વિવિધ પ્રકારે વર્ણવેલ છે. ૧) લક્ષ્મી આવે અને તેને સારા માર્ગે ખર્ચવાનું મન ન થાય તો સમજ જો કે તે પાપ કરાવવા માટે આવી છે. ૨) અધિક ધનની ગરમી સૂર્યથી પણ વધારે તરનાક છે જે ભલભલા સંબંધને બાળી નાંખે છે. ૩) પૈસા ઘર સુધી સાથે આવશે, સ્વજનો સ્મશાન સુધી આવશે. જ્યારે દાન દ્વારા કમાયેલ કર્મ તો ભવોભવ સુધી સાથે આવશે. ૪) જે પોતાના માટે જ જીવે છે એ ક્યારેય જવાબદારી માથે નથી લેતા અને જે બીજાની જવાબદારી પોતાને માથે લે છે એ કદી પોતાની માટે નથી જીવતા. ૫) कद ऊंचा कर लिया, ऊंचे रखो विचार, दान धर्म जो ना किया, जीवन है बेकार ६) पानी बढे नाव में, घर में बाढे दाम, दो हाथ उलियिये, यही संयानो काम.

ઉતમ અને જ્ઞાની વિચાર ધરાવતા માનવી આ ભવનું જ નહિં પણ પર ભવનું વિચાર લક્ષ રાખતા હોય છે. પોતાના માટે સૌ જીવે છે, પોતાના માટે સૌ મોકળે મને પૈસા ખર્ચે છે પણ અન્ય જન પારકા જણાઓની પીડા, દુ:ખને પોતાનો ગણી જીવે છે એ મહાન માનવી છે. આવા આદર્શ વિચાર નહીં પણ આચરણમાં લાવનાર અને પોતાનું નામ, ઓળખ સુંધ્ધા ગુપ્ત રાખનાર જ્ઞાતિના સદ્‌ગૃહસ્થ રૂા.૧ લાખનું ઉદાર દાન રકમ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટે ઉપયોગી અને આધારભૂત સહાય કરતી સંજીવની યોજનામાં સુવર્ણ પેટ્રોન, Silver Petron તરીકે જોડાયા છે.

અજ્ઞાત દાતાની ભાવના, વિચાર અને ઉત્તમ કાર્યને બિરદાવી મેડિકલ સમિતિ તેમની અનુમોદના કરે છે.

# તેરા તીર્થ આસો માસની શાશ્વતી ઓળીની રંગેચંગેથી આરાધના

તેરા તીર્થ આસો માસની શાશ્વતી નવપદ આયંબીલની ઓળીની આરાધના તેરાતીર્થ ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ની શુભ અને પાવનકારી નિશ્રામાં કરાવવામાં આવેલ હતા.

માતુશ્રી નિર્મલાબેન વિનોદ ખેતસી મોતા-ગામ કુવાપધર સ્વ.ગુલાબ હિરાચંદ પટેલ પરિવાર (મોતા) તેરા અ.સૌ.પુષ્પાબેન ભરત પટેલ પરિવાર, તેરા. આ ત્રણ લાભાર્થી પરિવારો દ્વારા આ ઓળી કરાવવામાં આવેલ હતી.

પ્રથમ દિવસે આંયબીલની ઓળી માટે પધારેલ શ્રી સંઘનું શ્રી સંઘ તરફથી બહેનોના માથા ઉપરે બેડા-ઢોલ નગારા સહ જય-જયકારની રમઝટ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. રાત્રીના મહાકાલી માતાજીની ભાવના તથા રાસગરબાની રમઝટ જમાવવામાં આવેલ હતી.

બીજા દિવસે સવારના નવકાર મંત્રના ધૂન સાથે શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા દાદાના અભિષેક સહ દ્રવ્યપૂજા રાખવામાં આવેલ હતી. તેમજ રાત્રે પ્રભુજીની ભાવના ભણાવવામાં આવેલ હતી. પૂજન વિધી તેમજ ભાવના ભક્તિ સંગીતકાર-વિધીકાર શ્રી સુરેશભાઈ સોની તથા શ્રી નિશાબેન સંઘવી તથા તેમની ટીમ મંડળીએ ભારે રમઝટ જમાવી હતી. આયંબીલ ઓળીના લાભાર્થી પરિવારનું શ્રી તેરા જૈન સંઘ દ્વારા તથા લાભાર્થી પરિવારજનોના કુટુંબીજનો તરફથી તેમનું સન્માન કરવામાં આવેલ હતું.

ત્રીજા દિવસે સવારના શ્રી સિધ્ધચક્ર મહાજન ભણાવવામાં આવેલ હતું. આ સિધ્ધચક્ર મહાપૂજનમાં બહારગામથી પધારેલ ભાવિકો તથા સ્થાનિક ભાવિકોએ લાભ લીધેલ હતો. સિધ્ધચક્ર મહાપૂજન વચ્ચે તેરા તીર્થની જિનાલયની આગામી વર્ષગાંઠ જે મહાસુદ-૫ તા.૨૫-૧-૨૦૨૩ ના આવે છે. તેના ધ્વજાના તથા ૧૮ અભિષેકના ચડાવા પણ ઓનલાઈન લેવામાં આવેલ હતા. દરરોજ સવારના રાઈપ્રતિક્રમણ, સેવાપક્ષાલ પૂજા, જિનવાણી બપોરના સિધ્ધચક્ર આરાધના પ્રતિક્રમણ રાત્રે પ્રભુજીની ભાવનામાં સૌ ભાવિકો હોશે હોશે ભાગ લઈ આયંબીલ ઓળીને ગજીવી નાંખેલ હતી.

તેરા તીર્થ શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય ન્યુ શતાબ્દી મહોત્સવનું મુર્હત પ્રદાન થતા તા.૨૭-૧૨-૨૦૨૩થી તા.૩૧-૧૨-૨૦૨૩ (આવતી સાલે) છું. આ મહોત્સવમાં નિશ્રા આપવા માટે પ.પૂ.સાધુ/સાધ્વીજી ભગવંતોને આગોત્તરૂ અગ્રીમ આમંત્રણ તેમની શુભ નિશ્રા તેરા તીર્થને મળી રહે તે માટે આગોત્તરા આમંત્રણ ઉપરે કંકુ/કેસર છાંટણાનું પ્રસંગ પણ યોજવામાં આવેલ હતું. આયંબીલ ઓળી સમાપન પ્રસંગે આયંબીલ કરનાર તપસ્વી આરાધકોનું બહુમાન કાર્યક્રમ રાખવામાં આવેલ હતું. જેમાં લાભાર્થી દાતા પરિવાર તરફથી સુંદર મજાનો શંત્રુજ્ય પટ્ટ તથા બહુમાન કવર આપવામાં આવેલ. તથા પધારેલ ભાવિકો તરફથી નવ આયંબીલ સળંગ કરનારને સુંદર રકમ કરવાની ભેટ સ્વરૂપે આપવામાં આવેલ હતી.

આયંબાલિ ઓળીની લાભાર્થી પરિવાર તરફથી પ્રથમ દિવસે શ્રી તેરા પાંજરાપોળના મૂંગા/અબોલજીવોને ત્રિલાનનું ભોજન લાપસી ખવડાવવામાં આવેલ હતી.

આસા સુદ-૧૫ શરદપૂર્ણિમા... આસો સુદ ૧૫ના દિવસે સવારના જિનવાણી, સામુહિક સ્નાત્ર પૂજા, જાપ મંત્રોચ્ચાર દ્વારા બન્ને મુળનાયક ભગવાનના અભિષેક કરવામાં આવેલ હતા. આયંબીલની પુર્ણાવતી નિમિત્તે નવપદજીની મોટી પૂજા ભણાવવામાં આવેલ હતી. સાંજે મોક્ષ પ્રતિક્રમણ બાદ શરદપૂર્ણિમાની રાત્રે અતિથીગૃહના સંકુલમાં ચાદની રાત્રે વિવિધ જાપો સાથે શરદપૂર્ણિમા ઉજવવામાં આવેલ હતી.

છેલ્લા દિવસે સવારના પક્ષાલ સેવા પૂજા કર્યા બાદ ગુરૂજીને વંદન પચ્ચખાણ જિનવાણી શ્રવણ કરી સર્વ તપસ્વીઓને લાભાર્થી પરિવારજનો તરફથી પારણા કરાવવામાં આવેલ હતા.

આમ ખૂબજ ધાર્મિક ઉલ્હાસ ઉમંગભેર વાતાવરણ વચ્ચે નવપદજીની આયંબીલની ઓળી પૂર્ણ થયેલ હતી.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદ્યોગપતિ તિલકચંદ વિકમશીને હુબલી ધારવાડ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કર્ણાટક રાજ્યોત્સવ એવોર્ડ એનાયત કરાયો

તા.૧ નવેમ્બર મંગળવાર રોજ કર્ણાટક રાજ્યમાં માઈક્રોફિનીસ પ્રા.લિમીટેડ દ્વારા કર્ણાટકના ઉદ્યોગ ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપવા બદલ વરાડીયા-હુબલીના જ્ઞાતિના ઉદ્યોગપતિ શ્રી તિલકચંદ કરમચંદ વિકમશીને હુબલી ધારવાડ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કર્ણાટક રાજ્યોત્સવ એવોર્ડ એનાયત કરાયો.

આ સન્માન ગૌરવ પ્રાપ્ત કરવા બદલ તેઓને સમસ્ત મહાજન તરફથી અઢળક અભિનંદન.



# પાંજરાપોળને સરકારી સહાય

૩૦ સપ્ટેંબર ૨૦૨૨થી પાંજરાપોળ માટે મુખ્ય મંત્રી ગૌમાતા પોષણ યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના હેઠળ પ્રત્યેક ગાય દીઠ રૂા.૩૦ની સબસીડી આપવામાં આવે છે. આમ વરસે અંદાજે ગાય દીઠ રૂા. ૧૦,૦૦૦ની સહાય મળી શકે છે. પાંજરાપોળ ટ્રસ્ટ/મેજમેંટે આ સહાય મેળવવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી એ સલાહભર્યું ગણાય.

# કેનેડા નિવાસી હેમંત શાહનું બિઝનેસ એક્સલેન્સી કેટેગરીમાં એવોર્ડ એનાયત

કેનેડામાં મિસ્ટર ઇન્ડિયનના હુલામણા નામથી જાણીતા મૂળ ભારતીય હેમંત માણેકજી શાહ (લોડાયા), ગુંદરવાળા જેમનું કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સ ટોરોન્ટો તરફથી સન્માન થયું.

કચ્છના અબડાસા તાલુકાના વરાડીયા ગામના ગુંદરના વેપારી બાબુશેઠ ગુંદરવાળાને ત્યાં હેમંત શાહનો જન્મ થયો હતો.

ભારતની પવિત્ર ધરતીથી અઢાર હજાર કિલોમીટર દૂર કેનેડામાં સ્થાયી વસવાટ કરતા હેમંત શાહ કે જેમનું જીવન ઉતાર ચડાવની ઘટમાળામાં વ્યતીત થયેલું છે. જેમને શરૂઆતમાં કેનેડામાં પાર્કિંગની નોકરીથી શરૂઆત કરી હતી.

સદાય જેમના પર આચાર્ય યુગભૂષણસુરીશ્વર મહારાજના આશીર્વાદ બન્યા રહ્યા છે. તેમને ઇમોર્ટ એક્સપોર્ટ કંપની સ્થાપીને સફળતા મળી હતી. પછી તો વિનિપિંગમાં ચેમ્બર ઓફ કોમર્સમાં પ્રથમ એશિયન ડિરેક્ટર તરીકે પણ હેમંત શાહની નિમણૂક થઈ.

ગુજરાતના ૧૫૦ જેટલા યુવાનોને પણ તેમને પાયલોટની તાલીમ માટે કેનેડા લઈ ગયા હતા. ને પોતાના દેશ માટેની ભક્તિ સાર્થક કરી હતી. એવા હેમંત શાહને આજે ગર્વ એ વાતનો હતો કે એમના પોતાના જ દેશના લોકો એવોર્ડ આપીને સન્માનિત કર્યા. કેનેડિયન હિન્દૂ ચેમ્બર ઓફ કોમર્સ તરફથી જ્યારે પોતાના જ દેશમાં એક એવોર્ડ મળે ત્યારે મન પણ એટલું જ આનંદિત બની જાય કે એના માટે શબ્દો પણ બોલવામાં ઓછા પડી જતા હોય છે એવું તેમણે પ્રતિભાવ આપતા કહ્યું હતું..





# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● દિલ્હીના નેશનલ મ્યુઝિયમમાં કચ્છની લુપ્ત થતી કમાંગરી કળાના એક વિરલ આર્ટને સ્થાન મળ્યું છે. ભુજના ચિત્રકાર હસમુખ મચ્છર દ્વારા ટાંગલિયા વણાટથી તૈયાર થયેલ કાપડા પર આ ચિત્ર તૈયાર કરાયું છે. કચ્છની કમાંગરી શૈલી જે લુપ્તતાને આરે છે તેને જીવંત રાખવા માટે હસમુખ વાલજી મચ્છર વર્ષોથી કેનવાસ કાપડથી માંડીને કચ્છના ઘણા જૈન દેરાસરોમાં જીવંત રાખી છે. તેમને ફોટોગ્રાફી ચિત્રકામ માટે અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ગુરૂ શિંિય પરંરાની યોજના અતંર્ગત કોઈ કલાકાર જો આ શૈલી શીખવા તૈયાર હોય તો પોતે આ કલા શીખવવા તૈયાર હોવાનું તેઓ એ જણાવ્યું છે.


● તાજેતરમાં રિલીઝ થયેલ હિંદી ફિલ્મ 'ઈક્કપશ્મીના'માં નલિયાના ભાવિન ભાનુશાલી મુખ્ય હીરો તરીકે ભૂમિકા ભજવી છે. ૨૪ વર્ષીય ભાવિન ભાનુશાલી સાથે ફિલ્મમાં નાયિકાની ભૂમિકા ક્રિકેટર દીપક ચાહરની બહેન માલતી ચાહરે નિભાવી છે. ક્રિષ્ના શાંતિ પ્રોડક્શનની આ ફિલ્મના દિગ્દર્શક અરવિંદ પાંડે છે. ભાવિન ભાનુશાલી છેલ્લા આઠ વર્ષથી બોલીવુડમાં સક્રિય છે. તેણે ગીતા રબારી, કીર્તિદાન ગઢવી, કિંજલ દવેના ગુજરાતી આલબમ્સ સોંગમાં અભિનય કર્યો છે.

● કચ્છ જિલ્લા પોસ્ટ વિભાગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને નાની બચતના મહત્તમ ૧૨૧૮ ખાતા ખોલીને અનોખી રીતે ઉજવણી કરાઈ હતી. સુકન્યા સમૃધ્ધિના ૯૭૪, ટી.ડી.ના ૮૫ એન.એસ.સી.ના ૩૯ સહિતના એકાઉન્ટ ખાસ ઝુંબેશ તળે ખોલવામાં આવ્યા હતા. ડાક અધિક્ષક તરૂણકુમાર પારગીના નેતૃત્વ હેઠળ અન્ય અધિકારીઓ કામગીરીમાં જોડાયા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રેખા બ્રહ્મભટ**
તા.૩૦ ઓક્ટો. (ઉ.૭૩)



**શામજી મોમાયા**
તા.૩૦ ઓક્ટો. (ઉ.૯૭)
જખૌ–અમદાવાદ



**દમયંતી છેડા**
તા. ૩૧ ઓક્ટો. (ઉ.૮૨)
સુજાપુર–ડોંબિવલી



**હેમલતા સોની**
તા. ૨ નવેમ્બર. (ઉ.૬૩)
વાંકુ–હૈદ્રાબાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે  આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે

# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત



ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઇ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)